કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
કાર્યાલય, જિલ્લો: તાપી-વ્યારા

બ્લોક નં.૨,જિલ્લા સેવા સદન,
પાનવાડી,તા.વ્યારા,જિ.તાપી-૩૯૪૬૫૦
ફોન.નં. (૦૨૬૨૬) ૨૨૪૪૬૦,૨૨૪૪૫૦
ફેક્સ નં. (૦૨૬૨૬) ૨૨૧૨૮૧,૨૨3333
Email- collector-tapi@gujarat.gov.in

સત્યમેવ જયતે

ક્રમાંક:સ્થા.સ્વ.ચૂં./છાપકામ/ઇજારો/વશી. /૨૦૨૬ ૧૭૮/૨૦૧૫૨૪
તા.૦૪/૦૪/૨૦૨૫

**વંચાણે લીધું**

(૧) અત્રેની કચેરીના ટેન્ડર બીડ નં. GeM/2026/B/7338304 તા.૧૦-૦૩-૨૦૨૬

(૨) ગુજરાત ખરીદ નીતિ ૨૦૨૪

(૩) એકતા ઓફસેટ પ્રા. લિ. તરફથી રજુ થયેલ બીડ

(૪) આંતરિક સમિતિની કાર્યવાહી નોંધ તા. ૩૦/૦૩/૨૦૨૬

(૫) ખાતાના વડાની ખરીદ સમિતિ (DPC) ની કાર્યવાહી નોંધ તા. ૦૨/૦૪/૨૦૨૬

**હુકમ:-**

આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચુંટણી-૨૦૨૬ ના કામે અત્રેના તાપી જિલ્લામાં છાપકામની સેવાઓ માટે અત્રેથી આમુખ-(૧) માં દર્શાવેલ જાહેર નિવિદાથી Gem પોર્ટલ પર ટેન્ડર બહાર પાડી ભાવપત્રકો મંગાવવામાં આવેલ.

આમુખ (૩) માં દર્શાવેલ એજન્સીના નિયત સમયમર્યાદામાં ભાવપત્રકો Gem પોર્ટલ પર ઓનલાઇન મળેલ. તથા આમુખ (૪)થી ટેન્ડર નોટીસમાં દર્શાવેલ વિગતો ધ્યાને લઈ છાપકામ કામગીરી અંગેના ટેન્ડર પૂર્વ લાયકાત માટેના ટેકનીકલ બીડ ખોલવાની કાર્યવાહી આંતરિક સમિતિ દ્વારા હાથ ધરવામાં આવતા એજન્સી દ્વારા રજૂ કરેલ પુરાવાઓની ચકાસણી કરતાં (૧) એકતા ઓફસેટ પ્રા. લિ. નાઓએ ટેન્ડરની શરતો મુજબના પુરાવાઓ રજુ કરેલ હોય Qualified જાહેર કરેલ. અન્ય કોઇ બીડર તરફથી બીડ રજુ કરવામાં આવેલ નથી.

આમુખ-(૫) થી ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ના ઠરાવમાં જણાવ્યાનુસાર રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તથા જિલ્લા, તાલુકા કચેરીઓ દ્વારા થતી ખરીદી ગર્વમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GEM) પોર્ટલ મારફત કરવા સુચના આપવામાં આવેલ હોય આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટાચુંટણી-૨૦૨૬ ના કામે છાપકામ કામગીરીની સેવાઓ માટેના ટેન્ડર

ખોલવાના કામે ખાતાના વડાની ખરીદ સમિતિ (DPC)ની તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ બેઠક બોલાવવામાં આવેલ જેમાં DPC દ્વારા ટેન્ડરની ફાઇનાન્શીયલ બીડ ખોલવામાં આવતાં L1માં રૂ. ૧૦,૯૩,૩૯૦/- ભાવ આવેલ.

અન્ય કોઇ બીડર તરફથી બીડ ભરવામાં આવેલ ન હોઇ, જેથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના અનુસંધાનમાં ઉમેદવારી ફોર્મ ભરવાની ટુંક સમયમાં શરૂઆત થવાની હોઇ, જેથી સમયગાળો પણ ટુકો હોઇ, તથા ગુજરાત સરકારની ખરીદનીતિ મુજબ સંતોષકારક જાહેરાત કરવામાં આવેલ હોઇ તેમજ બીડ સબમીટ કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ હોઇ, ગુજરાત ખરીદ નીતિ ૨૦૨૪ મુજબ solitary offer માં single tender માં ૨૦ લાખ સુધીની સત્તા DPC ને આપવામાં આવેલ છે. જેથી ઉપર મુજબની વિગતે GeM પોર્ટલ પર L1 તરીકે એકતા ઓફસેટ પ્રા.લિ. નામની એજન્સી નક્કી થઇ આવેલી હોઇ, તેઓને તાપી જિલ્લામાં આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણી દરમિયાન છાપકામની સેવાઓ પુરી પાડવા માટે વર્ક ઓર્ડર આપવા ખાતાના વડાની ખરીદ સમિતિ (DPC) દ્વારા ઠરાવવામાં આવેલ.

આમ ઉપરોક્ત મુજબની વિગતો જોતાં L1 તરીકે એકતા ઓફસેટ પ્રા. લિ. ના રૂ. ૧૦,૯૩,૩૯૦/- ભાવ આવેલ છે. તેમજ સદરહું એજન્સી દ્વારા વિગતવાર ભાવો સામેલ પરિશિષ્ટની વિગતે રજુ કરવામાં આવેલ જે મંજુર કરવામાં આવે છે.

સબબ, ઉપરોક્ત મુજબની વિગતે અત્રેના તાપી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચુંટણી-૨૦૨૬ ના કામે છાપકામની કામગીરી અંગેની સેવા પુરી પાડવાનો ઈજારો એકતા ઓફસેટ પ્રા. લિ. નડિયાદનાંઓને નીચે મુજબની શરતોને આધિન આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) બીલમાંથી ચુકવણાં સમયે નિયમોનુસાર આવકવેરા તથા સરચાર્જની રકમ કપાત કરવામાં આવશે. અન્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબના ભરવાના થતાં વેટ, સર્વિસટેક્ષ, જી.એસ.ટી. તથા અન્ય તમામ કર/ઉપકર ભરવાની જવાબદારી જે તે ઈજારદારની રહેશે. અને બિલની રકમની અત્રેથી ચુકવણી થયેથી ભરવાના થતા વેટ, સર્વિસ ટેક્ષ તથા અન્ય

તમામ કર/ઉપકરની રકમ ઇજારદારે ભરીને રકમ ભર્યા અંગેનો આધાર પુરાવો અત્રેને દિવસ ૧૫ (પંદર) માં રજુ કરવાનો રહેશે.બીલોની ચુકવણીના માધ્યમ તેમજ નિયમાનુસાર કાયદાનુસાર ભરવાપાત્ર **TDS & GST**ની રકમની કપાત નિયમાનુસાર/કાયદાનુસાર ભરવાપાત્ર અન્ય ટેક્ષ/સર્વિસ ટેક્ષ/વેટની રકમ ટેન્ડરરદારે/ઈજારદારે ભરવાની રહેશે.

(૨) છાપકામ અંગેની સેવા/સામગ્રી ટેન્ડર મંજૂર કરનારની કચેરીમાં તથા જે જગ્યાએ જરૂર જણાય ત્યાં પહોંચાડવાની જવાબદારી એજન્સીની રહેશે. જે માટે વધારાનો કોઈ ટ્રાન્સપોર્ટ/મજુરીખર્ચ મળવાપાત્ર નથી. ટેન્ડર મંજૂર કરનાર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી તાપી દ્વારા છાપકામ સેવા કચેરીવાર ફાળવણીનો હુકમ કરે તે મુજબ/સંબંધિત કચેરી દ્વારા છાપકામની સેવા/સામગ્રી પુરી પાડવા માટે જણાવવામાં આવે તો એજન્સીએ ટેન્ડરરના ધંધાના સ્થળેથી સંબંધિત કચેરીને સેવા પુરી પાડવાની રહેશે. જે માટે કોઈ વધારાનો ચાર્જ મળી શકશે નહીં.

(૩) ભાવ મંજુરીનો હુકમ થયે તુર્ત જ ટેન્ડર મંજુર કરનાર સાથે કરારખત કરી આપવાનું રહેશે. આવા કરારખત અંગે મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ અને તે હેઠળના નિયમો અનુસાર નિયત દર મુજબ સ્ટેમ્પ ડ્યુટી ટેન્ડરરે ભોગવવાની રહેશે. આ ટેન્ડર ફોર્મ સાથેની શરતો સિવાયની કોઇ શરતો એજન્સી ટેન્ડર ફોર્મમાં જણાવી શકશે નહી અને જણાવેલ હશે તો અત્રેથી બંધનકર્તા રહેશે નહી.

(૪) છાપકામ કામગીરીની સેવા/સામગ્રી જેટલી સમયમર્યાદામાં પુરી પાડવા જણાવવામાં આવે તેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાની રહેશે. વિલંબ બદલ કરવાની થતી કાર્યવાહી અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૫) એજન્સી દ્વારા છાપકામ સર્વિસીસની સેવા/સામગ્રીમાં જો કોઇ ક્ષતિ જણાશે તો તેટલી સર્વિસીસ એજન્સીએ વિનામુલ્યે કરી આપવાની રહેશે.

(૬) કુદરતી આફત, માનવ સર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોના કારણે ટેન્ડરરના કોઇપણ જથ્થા સામગ્રીને નુકશાન થશે તો તેની જવાબદારી ટેન્ડર મંજૂર કરનારની રહેશે નહીં.આ અંગેની તમામ જવાબદારી એજન્સી/ઇજારદારની પોતાની રહેશે.

(૭) ટેન્ડર મંજુર કરનારની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ટેન્ડરર, આ કામગીરી અંગે કોઇ અન્ય વ્યક્તિને પેટા કોન્ટ્રાક્ટ આપી કામગીરી સોંપી શકશે નહીં. ટેન્ડર મંજુર કરનાર દ્વારા

તેવી પૂર્વ મંજુરી આપવામાં આવે તો પણ, સંપુર્ણ જવાબદારી, ભાવ મંજુરીના હુકમ અન્વયે કરારખત કરી આપનાર ટેન્ડરરની રહેશે. તેમ છતાં પેટા ઈજારો આપ્યાની જાણ થશે તો તાત્કાલિક અસરથી ઈજારો રદ કરવામાં આવશે

(૮) બીલોની ચુકવણીના માધ્યમ તેમજ નિયમાનુસાર કાયદાનુસાર ભરવાપાત્ર TDS & GST ની રકમ કપાત અંગેની સ્પષ્ટતા કાયદાનુસાર ભરવાપાત્ર અન્ય ટેક્ષ/સર્વિસ ટેક્ષ/ વેટની રકમ એજન્સીએ ભરવાની રહેશે. તે અત્રેથી ચૂકવવામાં આવશે નહિ.

(૯) મંજુર કરેલ ભાવ અન્વયે છાપકામ સેવા/સામગ્રી પુરી પાડવા અંગે ટેન્ડર મંજુર કરનાર અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તાપી/ચૂંટણી અધિકારી/મામલતદારશ્રી દ્વારા પરિશિષ્ટમાં જણાવેલી કઇ સેવા/સામગ્રી, કેટલો જથ્થો, કઇ તારીખે, ઉપલબ્ધ કરવાનો રહેશે તેની સ્પષ્ટ વિગતો તથા તે માટે મંજુર થયેલ ભાવ અને તે અન્વયે થતી રકમની સંપુર્ણ વિગતો વર્કઓર્ડરમાં દર્શાવીને જ વર્કઓર્ડર આપવાનો રહેશે અને તેવા વર્કઓર્ડર આધારે લેખિત ડીમાન્ડ નોટ–માંગણીપત્રક રજુ કર્યેથી જથ્થો પુરો પાડવાનો રહેશે. મૌખિક ઓર્ડર અન્વયે છાપકામ ની સેવા/સામગ્રી પુરી પાડવાની રહેશે નહી તાત્કાલિક જરૂરીયાતના સંદર્ભમાં મૌખિક રીતે જથ્થો પુરો પાડવા જણાવવામાં આવેલ હોય તો ત્યાર બાદ જ તુર્ત જ લેખિત વર્કઓર્ડર મેળવી લેવાના રહેશે.

(૧૦) સેવા/સામગ્રીના વર્ક ઓર્ડર/ફાળવણીના ઓર્ડર મુજબ, આવનાર વ્યક્તિ પાસેથી અધિકૃતતા પત્ર / સત્તા પત્રની રસીદ (કર્મચારીના નામ, સરનામું અને સહીનો નમૂનો સાથે) અને તેમાં દર્શાવેલ નમૂના મુજબ સહી સત્તા પત્ર ચલણમાં જથ્થાના વાહકએ સ્પષ્ટ ઓળખ દર્શાવવી આવશ્યક છે. બિલ સાથે ચલણની નકલ સબમિટ કરવાની રહેશે.

વર્ક ઓર્ડર ડિલિવરી ચલણ હેઠળ પૂરી પાડવામાં આવેલ સેવા/સામગ્રીનું ડિમાન્ડ નોટ-ડિમાન્ડ ફોર્મ ત્રણ નકલોમાં જારી કરવામાં આવશે. ડિલિવરી ચલણ, સેવા/સામગ્રી વગેરે સ્પષ્ટપણે અલગ અને વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ક્રમમાં હોવી જોઈએ. ડિલિવરી ચલણની એકનકલ બિડર પાસે, બીજી નકલ ડિલિવરી કેરિયર પાસે અને એક નકલ સંબંધિત કચેરીને આપવાની રહેશે.

(૧૧) કોન્ટ્રાક્ટ માટે કોઇ એડવાન્સ નાણાં ચુકવવામાં આવશે નહી કે વિલંબથી બિલની ચુકવણી અંગે વ્યાજની રકમ માંગણી કરી શકાશે નહીં. સરકારશ્રીમાંથી ગ્રાન્ટ ઉપલબ્ધ

થયેથી કોન્ટ્રાકટર દ્વારા રજુ થયેલ બીલની ચકાસણી કર્યા બાદ પેમેન્ટની ચુકવણી કરવામાં આવશે.

(૧૨) છાપકામ સર્વિસની સેવા/સામગ્રીમાં વધારો-ઘટાડો થવાના કિસ્સામાં એજન્સી કોઈ હક્ક-દાવો કરી શકશે નહી અને ભાવ મંજૂર કરનાર કે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,તાપી દ્વારા જણાવવામાં આવે તે પ્રમાણે જ ચીજવસ્તુ/જથ્થો પુરો પાડવા એજન્સી બંધાયેલ રહેશે.

(૧૩) એજન્સીએ પુરી પાડવાની સેવા/સામગ્રી સારી ગુણવત્તાવાળી અને જ્યાં સ્પષ્ટ સ્પેસીફિકેશન જણાવેલ છે ત્યાં તે મુજબના સ્પેસીફિકેશન પ્રમાણેની સેવા/સામગ્રી પુરી પાડવાની રહેશે.

(૧૪) ટેન્ડર મંજૂર કરનાર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી તાપીના વર્કઓર્ડરમાં દર્શાવેલ ચીજવસ્તુના ભાવ બીલમાં દર્શાવીને એજન્સીએ બીલો બનાવવાના રહેશે.

(૧૫) ઇજારદાર દ્વારા રજુ કરવામાં આવેલ તમામ બીલોની ચુકવણીઓ ઇ-પેમેન્ટથી કરવામાં આવશે.

(૧૬) પ્રસ્તુત બાબત ચૂંટણીલક્ષી હોય વાસ્તવિક જરૂરીયાતમાં સંભવત: વધારો/ઘટાડો થઇ શકે છે. જે ધ્યાને લઇ યોગ્ય રીતે સેવા પુરી પાડવાની રહેશે તેમજ ખરેખર અપાયેલા વર્ક ઓર્ડરમાં દર્શાવેલ જથ્થાનું ટેન્ડરમાં મંજુર થયેલ ભાવે ચુકવણુ કરવામાં આવશે.

(૧૭) જો એજન્સી હુકમ તથા કરારખતમાં જણાવેલ શરતોનો ભંગ કરશે અને વર્કઓર્ડર મુજબ સમયમર્યાદામાં સેવા પુરી પાડવામાં નિષ્ફળ જશે તો સબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અધિકૃત વર્કઓર્ડર આપનાર અધિકારીશ્રી દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતાં વધારાની ચુકવેલ રકમ અને દંડની રકમ એજન્સીની સિક્યોરીટી ડિપોઝીટમાંથી અને તેમ છતાં રકમ બાકી રહે તો જમીન મહેસુલની બાકી તરીકે એજન્સી પાસેથી વસુલાત કરી શકાશે.

(૧૮) ઇજારદાર/એજન્સી તરફથી એક વર્ષ દરમ્યાન કામગીરી સંતોષપૂર્વક જણાશે તો તેમની સંમતિ મેળવી મંજુર થયેલા ભાવો કરાર કર્યા તારીખથી જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી,તાપી વધુ એક વર્ષ ની મુદ્દત માટે લંબાવી શકશે. જે સંબંધકર્તા ઇજારદારને બંધનકર્તા રહેશે.

(૧૯). કામગીરી શરતો : -

**૧૯.૧ ગુણવત્તાયુક્ત સામગ્રીની જોગવાઈ અંગે: -**

સેવા પ્રદાતા/સપ્લાયરએ સારી ગુણવત્તાની સેવાઓ/સામગ્રી પૂરી પાડવાની રહેશે. જો આ સંદર્ભે કોઈ ફરિયાદ નોંધવામાં આવે તો, જિલ્લા ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી રહેશે અને ચુકવણી કરનારને બંધનકર્તા રહેશે.

**૧૯.૨ સેવા/સામગ્રીની જોગવાઈના વધારાના ખર્ચ અંગે:-**

સેવા/સામગ્રી માટે માનવબળ/સામગ્રી વગેરેની જોગવાઈ અને સંબંધિત પરિવહન સહિત કોઈપણ વ્યવસ્થાની ચુકવણી માટે કોઈ અલગ કે વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં.

**૧૯.૩ જાહેર રજા સહિત કામકાજ અંગે:-**

ચૂંટણી પ્રક્રિયામાં જાહેર રજાઓ સહિતની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ સમયે, અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/ અધિક જિલ્લા ચૂંટણી અધિકારીના વર્ક ઓર્ડર મુજબ, સામગ્રી/ સેવાઓની જરૂરિયાત ઊભી થઈ શકે છે. તેમની સેવાઓ લેખિત/મૌખિક સૂચનાને વિલંબ વિના ઉપલબ્ધ કરાવવાની રહેશે.

**૧૯.૪ વર્ક ઓર્ડરના આધારે જથ્થો આપવા વિશે:-**

મંજૂર થયેલ ભાવ અનુસાર, સેવા/સામગ્રી વગેરે વિવિધ સ્થળોએ પૂરા પાડવાના છે તે અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/અધિક જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કયા મતવિસ્તારમાં સામગ્રી તેમજ અન્ય સેવા સામગ્રી પૂરી પાડવા જણાવવામાં આવશે. શક્ય હોય ત્યાં સુધી મૌખિક આદેશ મુજબ કોઈ સેવા/સામગ્રી પ્રદાન કરવાની રહેશે નહીં. પરંતુ જો તાકીદના સંજોગોમાં લેખિત વર્કઓર્ડર આપવાનું શક્ય ન હોય તો પછીથી વર્કઓર્ડર મેળવવાનો રહેશે.

**૧૯.૫ કામગીરીમાં નિષ્ફળતાના પ્રસંગે: -**

જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેકસ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઈ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ/નુકશાન થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચ/નુકશાનની ટેકસ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ

તરીકે વસુલ કરવામાં આવશે. આ રકમ કોન્ટ્રાકટર/બીડર પાસેથી તેઓના અન્ય બીલ અથવા જમા સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા બાકી જમીન મહેસૂલ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તાપી દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

**૧૯.૬ ટેન્ડર/ઓર્ડર/કોન્ટ્રાક્ટની કોઈપણ શરતના ભંગ અંગે: -**

ટેન્ડરમાં દર્શાવેલ શરતો, ટેન્ડરને મંજૂર કરવાના ક્રમમાંની શરતો અથવા બીડ મંજુર કરનાર દ્વારા દાખલ કરાયેલ કરારની કોઇપણ શરતોનો બીડર અથવા કોઇપણ વ્યક્તિ દ્વારા ભંગ કરવામાં આવે અથવા શરતોનું પાલન કરવામાં જો બીડર નિષ્ફળ જાય છે, જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેક્સ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઇ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચની ટેક્સ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તાપી દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

(૨૦) ટેન્ડર ભરનારે સંસ્થા/પેઢીના કાયમી કોન્ટ્રેકચ્યુઅલ અને આઉટસોર્સીંગથી રખાયેલ કર્મચારીઓની સંખ્યાત્મક વિગત રજુ કરવાની રહેશે.

(૨૧) કોઇ પણ કારણો આપ્યા સિવાય કોઇ પણ સમયે વર્કઓર્ડર મંજુર/નામંજુર/રદ કરવાના અબાધિત અધિકાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તાપીના રહેશે. જે ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૨૨) ઇજારદાર/એજન્સી કોઈપણ પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈપણ પ્રકારે જોડાણ અથવા કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતાં ઉમેદવાર સાથે હિતસંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી.

(૨૩) ટેન્ડર મંજુર કરનાર અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,તાપી-વ્યારા અથવા સબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી અથવા સબંધિત મામલતદારશ્રીઓ અથવા તેઓ દ્વારા

અધિકૃત કરેલ વ્યક્તિ/કર્મચારી ટેન્ડર મંજુર કરનાર અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તાપી-વ્યારાના વર્કઓડર અન્વયે પુરી પાડવાની ચીજવસ્તુઓનું નિરીક્ષણ કરી શકશે.

(૨૪) ઇજારદાર/એજન્સીએ મંજુર થયેલ ટેન્ડરના કુલ રકમના ૫% લેખે સિક્યુરીટી ડિપોઝીટ " કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી તાપી" ના નામનો તાપી ખાતે ચૂકવવાપાત્ર કોઈપણ રાષ્ટ્રીય કૃત બેંક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ દિન-૦૩ માં જમા કરાવવાની રહેશે.

(૨૫) ઇજારદાર/એજન્સી દ્વારા પુરી પાડેલ તમામ સેવા/સામગ્રી અંગેના બીલો ટેન્ડર મંજુર કરનારના નામે બનાવી, ટેન્ડર મંજુર કરનારને ચૂકવણી કરવા માટે રજુ કરવાના રહેશે.

(૨૬) બિડ કરનાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા/સામગ્રીસારી ગુણવત્તાની હોવી જોઈએ અને જ્યાં સ્પષ્ટીકરણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે સ્પષ્ટીકરણ મુજબ સેવા/સામગ્રી પુરી પાડવાની રહેશે. આ અંગે કોઈ ફરિયાદ નોંધાશે તો કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી-તાપીનો નિર્ણય આખરી રહેશે અને તે બિડ કરનાર વ્યક્તિ માટે બંધનકર્તા રહેશે.

(૨૭)ઉપરોક્ત શરતો તેમજ ટેન્ડર બહાર પાડતી વખતે રાખવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. તેમજ આ તમામ શરતો પૈકી કોઈપણ શરતમાં વધારો અથવા સુધારો અથવા ઘટાડો કરવાના જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના અધિકારો રહેશે.

(૨૮) આ કામના હુકમ/કરાર બાબતે કોઈપણ વિવાદ કે કાનુની ગુંચ ઉદભવે તો તે અંગેની બાબત તાપી-વ્યારા ન્યાયાલયના કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકશે.

(ડૉ.વિપિન ગર્ગ)
**જિલ્લા ચૂંટણી અધિકારી**
**અને**
**કલેક્ટર તાપી-વ્યારા**

પ્રતિ,
પોપ્રાઈટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા. લિ. નડિયાદ

**નકલ રવાના:-**

(૧) ચુંટણી અધિકારીશ્રી (જિ.પં./તા.પં. મતદાર મંડળ) તમામ તરફ.
(૨) ચુંટણી અધિકારીશ્રી (વ્યારા નગરપાલિકા ચુંટણી) તરફ.
(૩) મદદનીશ ચુંટણી અધિકારીશ્રી (તા.પં. મતદાર મંડળ) તમામ તરફ.
(૪) મદદનીશ ચુંટણી અધિકારીશ્રી (વ્યારા નગરપાલિકા ચુંટણી) તરફ.
૨/- જાણ તથા અમલવારી સારૂ.
(૫) હિસાબી શાખા કલેક્ટર કચેરી તાપી તરફ...
(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તાપી-વ્યારા તરફ.
(૭) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તાપી-વ્યારા તરફ.
(૮) કચેરીની સિલેક્ટ ફાઇલે

**નકલ સાદર રવાના:-**
સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર
૨/- જાણ સારૂ વિનંતી સહ.

| ફોર્મ પરબીડીયા છાપકામ | | | |
|---|---|---|---|
| મંજુર કરવામાં આવેલ ભાવ પત્રક -૨૦૨૬ | | | |
| **Item No.** | **Item** | **Detail** | **Rate (RS.)** |
| 1 | Appendix-4 Checklist for Presiding Officer (1 page) (A4 size) | 13" x 8" (Single Side 58 GSM) (Yellow Color) | 2 |
| 2 | Appendix-7 The Declarations by the presiding Officer before the Commencement of poll and at the end of pall (part - I to IV) (A4 size - 3 page) | 13" x 8" (Both Side 58 GSM) (Yellow Color) | 2.5 |
| 3 | Form - 10 Appointment Of Polling Agent (1 page) (A4 size) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 0.95 |
| 4 | Form - 11 Revocation Of Appointment Of Polling Agent (1 page) (A5 Size) | 6" x 8" (Both Side 58 GSM) (Green Color) | 0.65 |
| 5 | Form - 12 Letter of intimation To RO (1 Page) (A5 Size) | 6" x 8" (Both Side 58 GSM) (Green Color) | 0.75 |
| 6 | Form - 12B Election Duty Cretificate (1 page) (A5 Size) | 6" x 8" (Both Side 58 GSM) (Green Color) | 0.75 |
| 7 | Form - 12A Application for Election Duty Cretificate (1 page) | 13" x 8" (Single Side 58 GSM) (Green Color) | 2 |
| 8 | Form - 13A Declaration by Elector (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 0.75 |
| 9 | Form - 13G Gujrati (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 1.5 |
| 10 | Form - 13G English (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 1.5 |
| 11 | Form - 13D Voters Guideline (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 2 |
| 12 | Form - 13F Appointment of proxy by Classified Service to Give vote (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (Green Color) | 1.5 |
| 13 | Form - 14A List Of Illiterate, Blind & Infrm Voters (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (White Color) | 1 |
| 14 | Form 14 List of Challenged Vote (A4 size) (1 page) | 13" x 8" (Both Side 58 GSM) (White Color) | 1 |

| Item No. | Item | Detail | Rate (RS.) |
|---|---|---|---|
| 15 | Appendix-14 Presiding Diary (A4 size) (2 page) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 16 | Appendix-15Report of 16 Point (A4 size) (1 page) | 13" x 8"<br>(Single Side 58 GSM)<br>(Yellow Color) | 1 |
| 17 | Form - 17B<br>List of Tanderd Votes (A4 size) (1 page) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(White Color) | 1 |
| 18 | Form - 18<br>Appointment Of Counting Agent Gujrati (1 page)(A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Green Color) | 1 |
| 19 | Form - 18<br>Appointment Of Counting Agent English (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Green Color) | 1 |
| 20 | Form -19<br>Revocation Of Appointment Of Counting Agent (1 page) (A5 Size) | 6" x 8"<br>(Both Side 58 GSM)<br>(Green Color) | 1 |
| 21 | Form - 21C Declaration of The Result of Election Under Section 66 of the RP Act.1951 (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Green Color) | 1 |
| 22 | Form - 21E Return of Electoin (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Green Color) | 1 |
| 23 | Latter of Complaint to the SHO Pollice (10 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 5 |
| 24 | List of Elector Who Made Declaretion About age (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 25 | Form of Oath or Affirmation (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 26 | Report on Election by the RO (7 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 27 | Visit Sheet (1 page) (A4 size) | 13" x 8"<br>(Single Side 58 GSM)<br>(Yellow Color) | 1 |

| Item No. | Item | Detail | Rate (RS.) |
|---|---|---|---|
| 28 | Cretificate of Mock poll (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 29 | PSO5 (1 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 2 |
| 30 | Check Memo (12 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(Yellow Color) | 6 |
| 31 | Form of Declaration by Elector Age (A5 size) | 6" x 8"<br>(Single Side 58 GSM)<br>(Yellow Color) | 1 |
| 32 | Receipt Book for Challenged fee (10 page) (A5 size) | 6" x 8"<br>(Single Side 58 GSM)<br>(Yellow Color) | 5 |
| 33 | Declaretion by the Companion of Blind or Infirmred Electors (Each Contain 20 Forms) | 6" x 8"<br>(Single Side 58 GSM)<br>(Yellow Color) | 5 |
| 34 | Form - 17C<br>Account of Votes Recorded Gujrati (2 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(White Color) | 1 |
| 35 | Form - 17C<br>Account of Votes Recorded English (2 page) (A4 size) | 13" x 8"<br>(Both Side 58 GSM)<br>(White Color) | 1 |
| 36 | Voter Information Sleep | 3-1/4" x 8"<br>(Single Side 58 GSM) | 0.21 |
| 37 | Forms English / Gujrati (White Paper) | 6" x 8"<br>(Single Side 58 GSM) | 0.75 |
| 38 | Forms English / Gujrati (White Paper) | 6" x 8"<br>(Both Side 58 GSM) | 0.75 |
| 39 | Forms English / Gujrati (White Paper) | 14" x 8-1/2"<br>(Single Side 58 GSM) | 0.75 |
| 40 | Forms English / Gujrati (White Paper) | 14" x 8-1/2"<br>(Both Side 58 GSM) | 0.75 |
| 41 | Forms English / Gujrati (White Paper) | 13" x 8"<br>(Single Side 58 GSM) | 1 |
| 42 | Forms English / Gujrati (White Paper) | 13" x 16"<br>(A3 Single Side 58 GSM) | 1 |

| Item No. | Item | Detail | Rate (RS.) |
|---|---|---|---|
| 43 | Forms English / Gujrati (White Paper) | 13" x 16" (A3 Both Side 58 GSM) | 3 |
| 44 | Forms English / Gujrati (Color Paper) | 13" x 16" (A3 Single Side 58 GSM) | 1 |
| 45 | Forms English / Gujrati (Color Paper) | 13" x 16" (A3 Both Side 58 GSM) | 3 |
| 46 | Card Paper (White) (For Badge/Sign Board) | 8" x 3" (210 GSM) | 0.75 |
| 47 | Card Paper (Color) (For Badge/Sign Board) | 8" x 3" (210 GSM) | 0.75 |
| 48 | Card Paper (Color) (For Badge/Sign Board) | 3" x 2-1/2" (210 GSM) | 0.45 |
| 49 | Card Paper (White) (For Badge/Sign Board) | 4" x3" (210 GSM) | 0.45 |
| 50 | Card Paper (Color) (For Badge/Sign Board) | 4" x3" (210 GSM) | 0.45 |
| 51 | Card Paper (Color) (For Badge/Sign Board) | 5-1/2" x 3-1/2" (210 GSM) | 0.65 |
| 52 | Card Paper (White) | 7" x 6" (210 GSM) | 0.95 |
| 53 | Card Paper (White) | 11" x 9" (210 GSM) | 0.95 |
| 54 | Self Adhesive Sticker (White) | 4 cm x 6 cm | 2 |
| 55 | Self Adhesive Sticker (Color) | 4 cm x 6 cm | 2 |
| 56 | Cover with Printing | 6" x 16" | 4 |
| 57 | Cover with Printing | 12" x 18" | 5 |
| 58 | Cover with Printing | 24" x 22" | 7 |
| 59 | Cover with Printing | 10" x 4.5" | 3 |
| 60 | Cover with Printing | 11" x 6" | 2 |
| 61 | Cover with Printing | 10" x 4-1/2" | 2 |
| 62 | Cover with Printing | 18" x 12-1/2" | 2 |
| 63 | Cover with Printing | 9" x 5" | 2 |
| 64 | Cover with Printing | 5" x 11" | 2 |

| Item No. | Item | Detail | Rate (RS.) |
|---|---|---|---|
| 65 | Cover with Printing | 5" x 4" | 1 |
| 66 | I-card 4 inch x 6 inch size Multi Colour with PVC cover for I-card 4 inch x 6 inch size with ribbon | 4" x 6" | 11 |
| 67 | Poster A3 Size | 70 GSM | 8 |
| 68 | A4 Size Leaflet (Multicolor) | Single Side 70 GSM | 1 |
| 69 | A4 Size Leaflet (Multicolor) | Both Side 70 GSM | 1.1 |
| 70 | Offset Poster Printing in Dual Color on Bellarpur Maplitho Paper | 18" x 23" | 1.1 |
| 71 | Offset Poster Printing in Dual Color on Bellarpur Maplitho Paper | 15" x 20" | 2 |
| 72 | Offset Poster Printing in Dual Color on Bellarpur Maplitho Paper | 10" x 15" | 1 |
| 73 | Voter Sleep (for Waiting Voters) | 4" x 3" | 0.75 |
| 74 | Percentage Sheet (Yellow Card) A-4 Size | Single Side 70 GSM | 0.75 |
| 75 | Sample of report to be done at the time of changing BU,CU | Single Side 70 GSM | 2 |
| 76 | Mockpoll certificate- 4 pages per certificate | Both Side 70 GSM | 2 |
| 77 | Address Tag | 4" x 3" | 2 |
| 78 | Badge for Observer-DEO-RO-ARO (Round) | .- | 4 |
| 79 | SIGNBOARD FOR CARDSHEET | 20X10 INCH | 2 |
| 80 | BADGE FOR CARDSHEET | 9X5 INCH | 3 |
| 81 | Sheet showing tally of votes cast by male voters | Single Side 70 GSM | 1 |

| Item No. | Item | Detail | Rate (RS.) |
|---|---|---|---|
| 82 | Sheet showing tally of votes cast by female voters | Single Side 70 GSM | 1 |
| 83 | Sample Token slip (for voters at the end of polling) 8 slip per A4 page | A- size | 0.81 |

**District Election Officer**
**and**
**Collector Tapi**